ખેતરોમાં અડધી રાત્રે કંપનીઓનો કેમિકલ વેસ્ટ તેમજ રાખનું ડમ્પિંગ

ઉદ્યોગોના પ્રદૂષણે ટુંડાવની ખેતી કરી બરબાદ

GPCBના અધિકારીઓના મૌન સામે ગ્રામજનોમાં ભારે રોષ : પ્રદુષણ ફેલાવતી કંપનીઓ સામે તંત્ર મૌન કેમ?

સ્થાનિક કંપનીઓ દ્વારા ખેતરોમાં કેમિકલ અને મેડિકલ વેસ્ટ અડધી રાત્રે ઠાલવી દેવામાં આવે છે. તસવીર : રણજિત સૂર્વે

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

સાવલી તાલુકાનું ટુંડાવ ગામ અને તેની આસપાસનો ગ્રામ્ય વિસ્તાર હાલમાં એક ગંભીર અને સળગતી સમસ્યાનો સામનો કરી રહ્યો છે. સાવલી અને તેની આજુબાજુના ઔદ્યોગિક વિસ્તારોમાં સક્રિય લાલચુ ફેક્ટરી માલિકો અને ઉદ્યોગપતિઓ દ્વારા કેમિકલ વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરવાનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દરેક ઔદ્યોગિક એકમે પોતાના કેમિકલ વેસ્ટનો નિકાલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા માન્યતા પ્રાપ્ત ઓથોરાઈઝ્ડ એજન્સી મારફતે જ કરવો ફરજિયાત હોય છે. પરંતુ કંપનીના સંચાલકોએ આ કાનૂની પ્રક્રિયામાં થતો મોટો આર્થિક ખર્ચ બચાવવા માટે વચેટિયાઓ અને કેટલાક સ્થાનિક તત્વો સાથે મળીને આ ઝેરી કચરો સીધો ખુલ્લી ખેતીલાયક જમીનમાં ઠાલવવાનું મોટું કાવતરું ઘડ્યું છે. આ આડેધડ ફેંકવામાં આવતા અત્યંત જોખમી અને ઝેરી કેમિકલના કારણે સ્થાનિક ખેડૂતોની જમીનો બરબાદ કરી સસ્તામાં પડાવવા આ ષડયંત્ર કરાયુ છેના આક્ષેપો ખેડૂતો દ્વારા કરાયા હતાં. આ ઝેરી રસાયણો જમીનમાં ઉતરવાથી ભૂગર્ભ જળ દૂષિત થઈ ચૂક્યા છે, જેના કારણે ખેતી માટે પાણી મેળવવું પણ અશક્ય બન્યું છે. આ કેમિકલ કચરાને સળગાવવાના કારણે આસપાસના વાતાવરણમાં સતત ઝેરી ધુમાડો હવામાં ભળે છે, લોકો શ્વાસની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એકમોને કાયમી તાળાં મારવા જેવા કડક અને આકરા પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની માગ છે. ગામના પીડિત ખેડૂતોનો આક્રોશ છે કે તેઓએ આ અંગે જીપીસીબી, સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા કલેક્ટર સુધી અનેક વખત લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે, તેમ છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરાય છે. મુખ્યમંત્રી-કલેક્ટરને સીધી અપીલ કરી છે કે આ પ્રકારની ભ્રષ્ટ અને પ્રદૂષણ ફેલાવતી કંપનીઓને તાત્કાલિક બંધ કરાય અને ઉદ્યોગપતિઓના ઈશારે ચાલતા જીપીસીબીના ભ્રષ્ટ અધિકારીઓ સામે આકરા વહીવટી પગલાં ભરી તેમને પદ પરથી હટાવવામાં આવે.

અમને છેલ્લા છ મહિનામાં કોઈ ફરિયાદ જ મળી નથી : જીપીસીબી રિજિનલ ઓફિસર માર્ગી પટેલનો બચાવ

ટુંડાવ ગામના ખેતરોમાં ઠાલવાતા ઝેરી કેમિકલ અંગે જ્યારે 'ગુજરાત મિત્ર'ના પ્રતિનિધિએ GPCB ના રિજિનલ ઓફિસર માર્ગી પટેલ સમક્ષ સીધો સવાલ કર્યો, ત્યારે તેમણે એવો લૂલો બચાવ કર્યો હતો કે, "છેલ્લા છ મહિનામાં અમારી પાસે આવી કોઈ ફરિયાદ આવી જ નથી, જો આવી હોત તો અમે ચોક્કસ કાર્યવાહી કરત!" અધિકારીના આ બેજવાબદાર નિવેદન સામે 'ગુજરાત મિત્ર' પાસે તાજેતરમાં થયેલી ફરિયાદોની વિગતો ઉપલબ્ધ છે. પીડિત ખેડૂતોએ GPCB માં રૂબરૂ કરેલી લેખિત ફરિયાદોની નકલો અને સત્તાવાર ઈમેઈલ (E-mail) ના જડબેસલાક પુરાવાઓ સોંપ્યા છે, જેમાં કેમિકલ વેસ્ટ ખેતરોમાં નાખીને સળગાવવામાં આવતો હોવાની ફરિયાદ છે. ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે વારંવાર ફરિયાદ કરવા છતાં GPCB ના અધિકારીઓએ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરી નથી, ઉલટાનું વળતો જવાબ આપવાનું પણ મુનાસિબ સમજ્યું નથી. અધિકારીનું આ મૌન અને નકારાત્મક વલણ જ સાબિત કરે છે કે અધિકારીઓને ખેડૂતો કરતાં ઉદ્યોગપતિઓને સાચવવામાં વધુ રસ છે.

જમીન બંજર બની, હવે અમે ખાઈશું શું?

"અમારા પૂર્વજોના વખતની આ ઉપજાઉ જમીન હતી, જેમાં સોનું પાકતું હતું. આજે લાલચુ કંપનીવાળાઓએ રાતોરાત કેમિકલનો કચરો નાખીને આખી જમીન બરબાદ કરી નાખી છે. જીપીસીબીમાં દસ વાર ફરિયાદો કરી પણ સાહેબો કંપનીના માલિકોના બંગલે બેસીને સેટિંગ કરી લે છે. જો અમારા ખેતરો આમ જ બરબાદ થઈ જશે તો અમે અને અમારો પરિવાર શું ખાઈશું?"

ઈકબાલ સાહેબ સૈયદ (સ્થાનિક ખેડૂત, ટુંડાવ ગામ)

કંપનીવાળા-જીપીસીબીના સાહેબો મળી ગયા છે

"ખેતરમાં કેમિકલ નાખવાને કારણે કૂવાઓનું પાણી પણ ઝેરી થઈ ગયું છે. હવે તો જે થોડીઘણી ખેતી થાય છે એ પાક પણ બળી જાય છે. અમારી આવકનો એકમાત્ર સ્ત્રોત બંધ થઈ ગયો છે. કંપનીવાળા હવે અમને ધમકાવે છે કે સસ્તા ભાવમાં જમીન અમને વેચી દો. જો સરકાર અને કલેક્ટર આ કંપનીઓ બંધ નહીં કરાવે તો અમારે આત્મહત્યા કરવાનો વારો આવશે."

સિંકદરભાઈ ચૌહાણ (પીડિત ખેડૂત, ટુંડાવ ગામ)

કલેક્ટર કચેરીના ધક્કા ખાઈને થાકી ગયા

"ખેતરમાં કેમિકલ નાખવાને કારણે કૂવાઓનું પાણી પણ ઝેરી થઈ ગયું છે. હવે તો જે થોડીઘણી ખેતી થાય છે એ પાક પણ બળી જાય છે. અમારી આવકનો એકમાત્ર સ્ત્રોત બંધ થઈ ગયો છે. કંપનીવાળા હવે અમને ધમકાવે છે કે સસ્તા ભાવમાં જમીન અમને વેચી દો. આ તો સીધી દાદાગીરી છે! સરકાર- કલેક્ટર આ કંપનીઓ બંધ નહીં કરાવે તો આત્મહત્યા કરવાનો વારો આવશે."

ઈમરાન સૈયદ (ખેડૂત અગ્રણી, ટુંડાવ ગામ)

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની સરકારને ચીમકી

તા. 31 જુલાઈ સુધીમાં પેન્શનના પ્રશ્નો નહીં ઉકેલાય તો આંદોલન

નિવૃત્ત શિક્ષકોને OPSનો લાભ ન મળતા રોષ હવે સહન નહીં થાય : મિતેશ ભટ્ટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

નિવૃત્તિ પછી પણ પેન્શનથી વંચિત રહેલા શિક્ષકોના પ્રશ્નોને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતે આંદોલનના મંડાણ કર્યા છે. મહાસંઘે ચેતવણી આપી છે કે, 1 એપ્રિલ 2005 પહેલાના ઓપીએસમાં સમાવેશ થયેલ હોવા છતાં કોર્ટ કેસ કે વહીવટી કારણોસર નિમણૂંક મોડી મળવાથી પેન્શનથી વંચિત રહેલા શિક્ષકો તેમજ સરકારમાં રજૂ કરેલા અન્ય પડતર પ્રશ્નોનું 31 જુલાઈ, 2026 સુધીમાં નિરાકરણ નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરાશે.

ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રદેશ અધ્યક્ષ મિતેશભાઈ ભટ્ટે ગુજરાત સરકારને ચેતવણી આપતા જણાવ્યું કે વર્ષોથી શિક્ષકો અને શિક્ષણ જગત સાથે જોડાયેલા અનેક મહત્વપૂર્ણ વિષયો જટિલ નિયમો અને વહીવટી પ્રક્રિયાઓના કારણે લંબિત પડ્યા છે.

નિવૃત્તિ પછી પણ પેન્શન બંધાયું ન હોય તેવા શિક્ષકોની હાલત કફોડી બની છે. જો આ સમસ્યાઓનું શીઘ્ર હકારાત્મક સમાધાન કરવામાં નહીં આવે, તો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ 31 જુલાઈ, 2026 બાદ રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવા માટે બાધ્ય બનશે.

મહાસંઘના જણાવ્યા મુજબ, 2005 પહેલાના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોવા છતાં તંત્રની ઢીલી નીતિના કારણે સેંકડો શિક્ષકો પેન્શનથી વંચિત છે. આ ઉપરાંત અન્ય વહીવટી પ્રશ્નો પણ સરકાર સમક્ષ અનેક વખત રજૂ કરવા છતાં તેનો ઉકેલ આવ્યો નથી. શિક્ષકોના સન્માન અને હક્ક માટે મહાસંઘ છેલ્લી હદ સુધી લડશે. સરકાર જો 31 જુલાઈ સુધીમાં નિર્ણય નહીં લે તો ગાંધીનગરના રસ્તે ઉતરીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે 1 એપ્રિલ, 2005 પહેલાંના ઓપીએસમાં સમાવિષ્ટ છતાં પેન્શનથી વંચિત શિક્ષકોને તાત્કાલિક લાભ આપવા, લંબિત વહીવટી પ્રશ્નોનો ઉકેલ લાવવા અને શિક્ષકોના હક્કોનું રક્ષણ કરવા સરકારને 31 જુલાઈ સુધી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બાજવાની શાળામાં જાગૃત નાગરિક દ્વારા તાળાબંધી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

બાજવા પ્રાથમિક શાળા નં ૧ માં બાળકો ની સુરક્ષા ને લઈ ને ગામ ના જાગુત નાગરિક દ્વારા ગેટ ને લોક માર માં આવ્યો બાળકો શાળા માં અભ્યાસ કરતા હોય છે ત્યારે ત્યાં લોકો ની અવરજવર માટે રસ્તો ના હોવા છતાં પણ લોકો અવરજવર કરતા હોય છે અને શાળા ના પટઆગન માં ગાયો આવતી હોય અને ગટર પણ ખુલ્લી હોય બાળકો ની સુરક્ષા સામે અનેક સવાલો પણ ઉભા થાય છે બાજવા ની પ્રાઇવેટ શાળા માં પવેર બ્લોક નું કામ થાય તો પ્રાથમિક શાળા માં પંચાયત દ્વારા પેવર બ્લોક કેમ નાખવામાં આવતા નથી

ઉત્તર બુનિયાદી શાળાઓમાં મોટો ફેરફાર

ચાર પરંપરાગત વિષયોને કાયમી ધોરણે નાબૂદ કરાયા

ગ્રામયંત્ર વિદ્યા, વસ્ત્ર વિદ્યા, વન વિદ્યા અને વન ઔષધિ વિષયો હવે ઇતિહાસ બનશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2026-27થી ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ધોરણ 11-12ના અભ્યાસક્રમમાંથી ચાર પરંપરાગત વિષયોને કાયમી ધોરણે રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

રદ કરવામાં આવેલા વિષયોમાં ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા, વનવિદ્યા અને વન ઔષધિનો સમાવેશ થાય છે. આ ફેરફાર ક્રમશઃ લાગુ પડશે. ચાલુ વર્ષે ધોરણ 11માંથી આ વિષયો રદ થશે અને ત્યારપછીના શૈક્ષણિક વર્ષ એટલે કે 2027-28થી ધોરણ 12માંથી પણ આ વિષયો હટાવી દેવાશે.

શિક્ષણ બોર્ડે અગાઉ શૈક્ષણિક વર્ષ 2020-21થી ધો. 9 અને 2021-22થી ધો. 10 ઉત્તર બુનિયાદી પ્રવાહના અભ્યાસક્રમમાંથી પણ આ ચાર વિષયો રદ કર્યા હતા. માધ્યમિક સ્તરે આ વિષયો હટાવ્યા બાદ, ઉચ્ચતર માધ્યમિક સ્તરે પણ શિક્ષણનું સાતત્ય જળવાઈ રહે તે હેતુથી બોર્ડની શૈક્ષણિક સમિતિએ ધો. 11 અને 12ના વિષય માળખામાંથી પણ આ વિષયો હટાવવાનો પ્રસ્તાવ તૈયાર કર્યો હતો.

શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિએ તાજેતરમાં મળેલી બેઠકમાં આ અંગેનો આખરી નિર્ણય લીધો હતો. આ નિર્ણયના કારણે ઉત્તર બુનિયાદી શાળાઓના શૈક્ષણિક માળખામાં વ્યાપક બદલાવ આવશે.

વડોદરાના વોર્ડ-૫માં પાણી માટે પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી

૬ મહિનાથી ટીપું-ટીપું પાણી માટે તરસતી સોસાયટીઓનો બળાપો

ઘેરાવથી ગભરાયેલા અધિકારી સ્મિતેશ પટેલે પોલીસ બોલાવવી પડી!

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરાના વોર્ડ નંબર 5માં આવેલા અનેક રહેણાંક વિસ્તારોમાં છેલ્લા છ મહિનાથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. પૂરતા પ્રેશરથી અને નિયમિત પાણી ન મળવાને કારણે સ્થાનિક રહીશોની ધીરજ ખૂટી ગઈ છે. મંગળવારે આક્રોશિત બનેલા સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારી અને સ્થાનિક કોર્પોરેટરોનો ઉગ્ર ઘેરાવ કરીને હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ હતી કે, અધિકારીને આખરે પોલીસ પ્રોટેક્શન બોલાવવાની ફરજ પડી હતી. મળતી વિગતો અનુસાર, વોર્ડ નંબર 5માં સમાવિષ્ટ સિદ્ધેશ્વર હેરીટેજ, વ્રજ વિલાસ, સાહિત્ય ગ્રીન, શિવાય સ્કાઈ અને સ્વામિનારાયણ પાર્ક જેવા સોસાયટી વિસ્તારોમાં છેલ્લા અડધા વર્ષથી પાણી પુરવઠો સાવ કથળી ગયો છે. સ્થાનિકોનો આરોપ છે કે તેમને પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી, જેના કારણે રોજિંદા વપરાશ અને પીવાના પાણી માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા આજે લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. લોકોએ અધિકારી અને લોકપ્રતિનિધિઓ સામે સૂત્રોચ્ચાર કરી ઉગ્ર રજૂઆત કરી હતી કે, જ્યાં સુધી પૂરતા પ્રેશરથી નિયમિત પાણી આપવાની લેખિત કે ખાતરીપૂર્વક વ્યવસ્થા કરવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ પીછેહઠ નહીં કરે. સ્થાનિકોના ભારે આક્રોશ અને ઘેરાવના પગલે વાતાવરણ તંગ બની ગયું હતું.

ફૂટપાથ ખોદી રૂ.1.50 લાખનો માલ ચોરી ગયા

BSNLના કોપર કેબલ પર તસ્કરોએ હાથફેરો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના દાંડીયાબજાર વિસ્તારમાં બેફામ બનેલા તસ્કરોએ ફૂટપાથના પેવર બ્લોક ઉખેડી અંડરગ્રાઉન્ડ BSNLની કોપર અને પેપર કોર કેબલ કાપી ચોરી કરી લેતાં આશરે રૂ.1.50 લાખનું નુકસાન થયું છે. ખાડો ખોદયા બાદ સમગ્ર ઘટનાની જાણ થતાં BSNLના અધિકારીઓએ તપાસ કરી પાણીગેટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. પાણીગેટ વિસ્તારમા આવેલી BSNL કચેરીમાં સબ ડિવિઝનલ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા કમલેશભાઈ ઈશ્વરભાઈ મકવાણાને 27 જૂનના રોજ વડોદરા મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોનના વોટ્સએપ ગ્રુપમાં દાંડીયાબજાર સ્થિત સિટી ગેસ ઓફિસ સામે ખોદકામ અંગેનો સંદેશ મળ્યો હતો. ત્યારબાદ તેઓ સ્થળ પર પહોંચ્યા, જ્યાં BSNL સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર હતા. સ્થળ તપાસ દરમિયાન ફૂટપાથ પર BSNLની કોપર કેબલના કાપેલા ટુકડા પડેલા જોવા મળ્યા હતા. વધુ તપાસ કરતાં અરવિંદ આશ્રમ પાસેથી સિટી ગેસ ઓફિસ સામે યમુના અગરબત્તીની દુકાન સુધી તેમજ સયાજી રેડિયો નજીક ફૂટપાથના પેવર બ્લોક ઉખેડી ટુકડે-ટુકડે ખોદકામ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. વોર્ડ નંબર-14ના કાર્યપાલક એન્જિનિયરે આ ખોદકામ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ BSNL દ્વારા કરવામાં આવેલી તપાસમાં આશરે 130 મીટર લાંબી વિવિધ સાઈઝના કોપર તથા પેપર કોર કેબલ કાપી અંદાજે રૂ.1.50 લાખ મુદ્દા માલ જોઈ કર્યો હોવાનું જણાવાયું છે.

મુખ્ય પાઇપલાઇન લીકેજ થતાં વાહનચાલકો પરેશાન

પાણીની લાઈનમાં ભંગાણઃ છાણી-બાજવા ગરનાળામાં પાણી ભરાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરના છાણી-બાજવા ગરનાળા વિસ્તારમાં વરસાદ વગર જ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા લોકોમાં નારાજગી ફેલાઈ હતી. મુખ્ય પાણીની લાઈનમાં અચાનક ભંગાણ સર્જાતા હજારો લીટર ચોખ્ખું પીવાનું પાણી રસ્તા પર વહી ગયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, વિસ્તારમાં પસાર થતી મુખ્ય પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતાં ભારે દબાણ સાથે પાણી બહાર આવવા લાગ્યું હતું. જોતજોતામાં ગરનાળાનો આખો રસ્તો પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

પાણી ભરાવાના કારણે વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી હતી અને ગરનાળા વિસ્તારમાં ટ્રાફિકજામની સમસ્યા પણ સર્જાઈ હતી. સ્થાનિક રહીશોએ

આક્ષેપ કર્યો કે એક તરફ સરકાર જળ એ જીવન અને પાણી બચાવોના સંદેશા આપે છે, જ્યારે બીજી તરફ તંત્રની બેદરકારીના કારણે રોજ હજારો લીટર પીવાના પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

વારંવાર ફરિયાદ કરવા છતાં પાઈપલાઈનની યોગ્ય જાળવણી ન થતી હોવાનો પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક ધોરણે લીકેજ રીપેર કરવાની માંગ સાથે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

ઘટનાની જાણ થતાં પાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમારકામની કામગીરી શરૂ કરી હતી.

માલિક સામે ગુનો દાખલ

છાણી વિસ્તારમાંથી પાંચ રખડતી ગાયો પકડી ઢોર ડબ્બામાં મૂકાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા યથાવત રહેતા વડોદરા મહાનગર પાલિકાની ઢોર ડબ્બા શાખા દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા પશુઓને પકડી પાંજરે પુરવાની કામગીરી વચ્ચે વધુ એક વખત છાણી વિસ્તારમાંથી પાંચ રખડતી ગાયો ઝડપાઈ હતી. આ મામલે પશુ માલિક સામે છાણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, 27 જાન્યુઆરી, 2026ના રોજ સવારે આશરે 7:35 વાગ્યે પાલિકાની ઢોર ડબ્બા શાખાના સુપરવાઈઝર નરેન્દ્રસિંહ જશરાજસિંહ ઝાલા તથા એક્સ-સર્વિસમેન મણિભાઈ પુંજાભાઈ પરમાર છાણી કેનાલ નજીક રખડતા પશુઓ પકડવાની કામગીરીમાં જોડાયા હતા. તે દરમિયાન જાહેર માર્ગ પર રખડતી અને વાહનવ્યવહાર તેમજ રાહદારીઓ માટે અવરોધરૂપ બનેલી પાંચ ગાયોને પકડી ખાસવાડી સ્થિત ઢોર ડબ્બામાં ખસેડવામાં આવી હતી. પાલિકાની તપાસમાં આ ગાયોના માલિક તરીકે કરસન મહજી રબારીનું નામ સામે આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે પશુ માલિકે ગાયોને જાહેર માર્ગ પર રખડતી મૂકી હતી, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ ઊભું થયું હતું તેમજ જાહેર સલામતીને પણ ખતરો સર્જાયો હતો.

આ બનાવ અંગે પાલિકાની ફરિયાદના આધારે છાણી પોલીસ સ્ટેશનમાં પશુ માલિક સામે સંબંધિત કાયદાની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પાલિકાએ શહેરના પશુ માલિકોને પોતાના પશુઓને જાહેર રસ્તા પર રખડતા ન મૂકવા અપીલ કરી છે અને નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી ચેતવણી પણ આપી છે.

દુકાન ખાલી કરવાની ધમકી બાદ વેપારી પર જીવલેણ હુમલો

વડોદરાઃ આજવા રોડ સયાજીપાર્કમાં રહેતા મોહમદ મુસ્લીમ ફતેહમોહમ્મદ અંસારી (ઉ. 42) અને ટીપી-13 પાણીની ટાંકી સામે ખુલ્લી જગ્યામાં 'બોમ્બે સેલ' નામે પ્લાસ્ટિકની ઘરવખરીની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. 28 જૂન 2026ના રોજ રાત્રે આશરે 10:30 વાગ્યે દુકાન બંધ કરી તેઓ દુકાનની અંદર સૂતા હતા. રાત્રે લગભગ 11:30 વાગ્યે જાળીનો અવાજ આવતાં તેઓ બહાર નીકળ્યા હતા. ત્યારે નવા યાર્ડ વિસ્તારનો અશોક માયાવંશી દુકાનની જાળી પાસે ઉભો હતો અને જાળી સાથે બાંધેલી લોખંડની સાંકળ તોડી નાખી હતી. આરોપીએ વેપારીને "દુકાન ખાલી કરી દે, અહીં દુકાન ન હોવી જોઈએ" કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેના હાથમાં રહેલી લોખંડની સાંકળ વડે વેપારીના માથા અને પીઠના ભાગે હુમલો કર્યો હતો.

પત્નીએ પતિને સગીર દીકરી સાથે દુષ્કર્મ કરતાં રંગેહાથે ઝડપી પાડ્યો

મોઢામાં ડૂચો મારીને સગી દીકરીને પિતાએ જ હવસનો શિકાર બનાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાં માનવતાને શરમાવે તેવી ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. નરાધમ પિતા દ્વારા પોતાની જ સગીર બાળકી દીકરી પર દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી ગઈ છે. ઘરેલુ ઝઘડાને કારણે ઘર છોડીને સગાંના ઘરે ગયેલી માતા જ્યારે મધરાતે પોતાની સગીર દીકરીને લેવા ઘરે પરત ફરી ત્યારે તેણે પોતાના જ પતિને સગીર દીકરી પર દુષ્કર્મ કરતાં રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

માતા અને માસીને જોઈ આરોપી પિતા સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાના આધારે પોલીસે POCSO સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ન રાધન પિતાની શોધખોળ શરૂ કરી છે. ડેસર તાલુકાના એક ગામમાં રહેતી મહિલાનો 28 જૂનના રોજ સાંજે

પતિ સાથે ઘરેલુ બાબતે ઝઘડો થયો હતો. વધુ વિવાદ ન વધે તેના માટે મહિલા ઘર છોડીને પોતાની એક સંબંધીના ઘરે ચાલી ગઈ હતી. તે સમયે ઘરે તેની સગીર દીકરી અને નાનો પુત્ર હાજર હતા. રાત્રે મહિલાએ પોતાની બહેન અને બનેવીને જાણ કરતાં તેઓ પણ ત્યાં પહોંચ્યા હતા. ત્યારબાદ મધરાતે મહિલા અને તેની બહેન બાળકોને લેવા ઘરે પરત ફર્યા હતા. ઘરમાં પ્રવેશતા જ તેઓ ચોંકી ઉઠ્યા હતા. મહિલાએ પોતાના પતિને સગીર દીકરી સાથે દુષ્કર્મ આ ચરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. દીકરી ની હાલત જોઈને માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આરોપી કપડાં પહેરતો પહેરતો સ્થળ પરથી ભાગી ગયો હતો. મહિલાના જણાવ્યા પ્રમાણે, દીકરીના મોઢામાં કપડાનો ડૂચો ભરાયેલો હતો. તેને કપડાં પહેરાવી સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવી હતી. બાદમાં સગીરે માતા અને માસીને જણાવ્યું હતું કે પિતાએ જબરદસ્તી કપડા કરાવીને તેના પર દુષ્કર્મ આચર્યું હતું અને તેના મોઢામાં કપડાનો ડૂચો ભરી વિરોધ કરવાની તક પણ આપી નહોતી. આ ઘટનાના આધારે માતાએ પોતાના પતિ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે POCSO એક્ટ તથા અન્ય સંબંધિત ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

એચ.વી. શ્રોફ સ્કૂલ પાછળ બંને પક્ષના લોકો ઘાયલ

વાડીમાં સમાધાન બેઠકમાં સામસામે છરીના ઘા ઝિકાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના વાડી વિસ્તારમાં જૂની અદાવતનો અંત લાવવા યોજાયેલી સમાધાન બેઠક લોહિયાળ અથડામણમાં ફેરવાઈ હતી. એચ.વી. શ્રોફ સ્કૂલ પાછળ બંને પક્ષ વચ્ચે બોલાચાલી ઉગ્ર બનતા સામસામે છરીથી હુમલો થયો હતો. ઘટનામાં બંને પક્ષના લોકો ઘાયલ થતાં તેમને અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એક પક્ષની ફરિયાદ મુજબ, અરબાઝ ઉર્ફે બોઈલરને આદિલ ઉર્ફે બાટલાએ સમાધાન માટે બોલાવ્યો હતો. અરબાઝ પોતાના ઓળખીતાઓ જૈદ ઉર્ફે ગામા અને ઈકબાલ ઉર્ફે ટફી સાથે પહોંચ્યો હતો. ત્યારબાદ આદિલ પોતાના કાકા આરીફ ઉર્ફે માંજરા સાથે આવ્યો હતો. બોલાચાલી દરમિયાન આરીફે છરી વડે હુમલો કરતાં અરબાઝને હાથમાં ઈજા

પહોંચી હતી. હુમલા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

બીજી તરફ, આરીફ ઉર્ફે માંજરાની ફરિયાદ મુજબ, સમાધાન દરમિયાન અરબાઝ, ઈકબાલ અને જૈદે આદિલ સાથે ઝપાઝપી કરી હતી. દરમિયાન ઈકબાલે છરીથી હુમલો કરતાં આરીફના હાથ અને આંગળીઓમાં ઈજા થઈ હતી. હુમલા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનું પણ ફરિયાદમાં નોંધાયું છે.